ફોન ફેક્સ નંબર- 0288-2555853 Toll Free ( Gujarat ) 1800 233 1733

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

GUJPLASR
09 NOV 2022
INWARD No. 4672

Ikee

નં૪/પરીક્ષા/ ૨૨-૨૩/ 714 By Email તા.05-૧૧-૨૦૨૨

**-: પરિપત્ર :-**

આ યુનિવર્સિટી દ્વારા પરિપત્ર નં.પરીક્ષા/૧૮-૧૯/૭૮૪, તા.૦૨-૦૩-૨૦૧૯થી પરીપત્ર કરવામાં આવેલ કે, ૨૦૧૬ પહેલાના પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ એપ્રિલ-૨૦૨૨ સુધીમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. અન્યથા જે તે સમયના પ્રવર્તમાન કોર્ષમાં પ્રર્વતમાન ફી ભરીને શરૂઆતથી અભ્યાસક્રમ ચાલુ કરવાનો રહેશે.

ઉપરોક્ત પરીપત્રના આધારે હાલ તૃતિય/ ચતુર્થ વર્ષ B.A.M.S.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે વધુ સમય આપવા માટે આવેલરજુઆત તેમજ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ વર્ષ ૨૦૧૬ પહેલા પ્રવેશ મેળવેલ અને હાલ જેઓ ફકત તૃતિય તેમજ ચતુર્થ B.A.M.S. પ્રોફેશનલ વર્ષમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓએ ઓકટોબર-૨૦૨૪ સુધીમાં તેઓના સંપૂર્ણ અભ્યાસક્રમ અચૂક પાસ કરવાની માન. કુલપતિશ્રીના આદેશાનુસાર મંજુરી આપવામાં આવે છે, અન્યથા આવા વિદ્યાર્થીઓ નિયમાનુસાર ડીબાર્ડ થશે.

ઉપરોક્ત વિગત ધ્યાને લઈ આચાર્યશ્રીએ સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરવા બાબતની લેખિત બાંહેધરી આવા વિદ્યાર્થીઓ પાસેથી લેવાની રહેશે અને જેની એક નકલ આચાર્યશ્રી મારફત યુનિવર્સિટીને મોકલવાની રહેશે. તેમજ એક નકલ આપની કોલેજમાં રાખવાની રહેશે.

બાહેધરી પત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

( એચ. પી. ઝાલા )
કુલસચિવ

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ આયુર્વેદ કોલેજના આચાર્યશ્રીઓ.... ( સેલ્ફ ફાયનાન્સ સહિત )
ઉપરોકત બાબતની સંબંધિત વિદ્યાર્થીઓને જાણકારી મળી રહે તે હેતુ આપની કોલેજની વેબસાઈટ/નોટીસ બોર્ડ/મોબાઈલના માધ્યમથી વિદ્યાર્થીઓને સુચના/જાણકારી આપવા કાર્યવાહી કરવા અંગે. આ અંગેની જાણ વિદ્યાર્થીઓને કરેલ છે તેવી લેખિતમાં આચાર્યશ્રીએ પણ અલગથી બાંહેધરી આપવાની રહેશે.

નકલ રવાના :-

(૧) પી.એસ.ટુ વી.સી.
(૨) પી.એ.ટુ રજીસ્ટ્રાર
(૩) પરીક્ષા શાખા(એસ. એફ. આઈ. )
(૪) એકેડેમિક વિભાગ,
(૫) માહિતી વિભાગ :- વર્તમાન પત્રમાં અખબારી યાદી બહાર પાડવા અંગે
(૬) શ્રી બીજુ જહોન, P.P.S.(IT) to VC મારફત ડાયરેકટરશ્રી, I.T.R.A.,જામનગર યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.

T2 - સંબંધિત વિદ્યાર્થીઓને ... નોટિસ ... પત્ર સાથે સામેલ બાંહેધરી પત્ર ... ભરાવી, ... 9/11/22

# –:: બાહેંધરી પત્ર ::–

પ્રેષક :
..............................................................
..............................................................
..............................................................
..............................................................

પ્રતિ,
પરીક્ષા નિયામકશ્રી,
પરીક્ષા શાખા
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,
જામનગર.

કોલેજનું નામ : ..........................................................................................................................................

વિદ્યાર્થીનું નામ : ..........................................................................................................................................

વર્ષ : ...............................

આથી હું બાહેંધરી આપુ છું કે યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર નં.૪/પરીક્ષા/૨૦૨૨–૨૩/૭૧૪ તા.૦૫/૧૧/૨૦૨૨ ના અનુસંધાને હું જે વર્ષમાં અભ્યાસ કરૂં છુ તે બી.એ.એમ.એસ.નો સંપૂર્ણ અભ્યાસક્રમ ઓકટોબર–૨૦૨૪ સુધીમાં પાસ કરવાની બાહેંધરી આપુ છું. અન્યથા યુનિવર્સિટી દ્વારા મને સમગ્ર કોર્ષમાંથી ડીબાર્ડ કરવામાં આવશે તે હું જાણું છું.

______________________________

**વિદ્યાર્થીની સહી**

______________________________

**વાલીની સહી**

મારફત :– આચાર્યશ્રી
સહી/સિકકો